# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: કલ્પના શાહ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

## તારીખ : ૨૩-૦૮-૨૦૨૪ શુક્રવાર                    સમય : સવારે ૬:૪૫ કલાકે

---

## વિધાન સભા-વિધેયક પસાર:

વિધાનસભામાં ગઈકાલે ગુજરાત નશાબંધી સુધારા વિધેયક અને પાણી પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ સુધારા અધિનિયમ-૨૦૨૪ને સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા.

નશાબંધી સુધારા વિધેયક રજૂ કરતાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે , દારૂબંધીના કાયદામાં પોલીસ પ્રક્રિયા સરળ કરવા, ગુનેગારોને અંકુશમાં રાખવા ઉપરાંત દારૂની હેરફેર કરતા વાહનો બીજી વાર ઉપયોગમાં ન લેવાય તે હેતુથી નશાબંધી અધિનિયમમાં સુધારો કરવામાં આવ્યો છે.

દરમિયાન, વિધાનસભા ગૃહ માં ગઈકાલે પ્રદુષણ નિવારણ અને નિયંત્રણ સુધારા અધિનિયમ-૨૦૨૪ને સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો..

આ સુધારા અધિનિયમનો મુખ્ય ઉદ્દેશ "પાણી (પ્રદુષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ-૧૯૭૪" ની જોગવાઇઓને બિન-ગુનાહિત કરવાનો છે. જેથી રાજ્ય પ્રદુષણ નિયંત્રણ બોર્ડમાં અધ્યક્ષની નિમણૂકની પ્રક્રિયા તેમજ સમગ્ર કાર્યપ્રણાલી સરળ બને.

પર્યાવરણ મંત્રી મુળુભાઇ બેરા દ્વારા રજૂ કરાયેલ આ સુધારા અધિનિયમ અંતર્ગત રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધ્યક્ષની નિયુક્તિ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે અને તેમની સેવાના નિયમો અને શરતો કેન્દ્ર સરકાર દ્વારા માર્ગદર્શિકામાં નિર્ધારિત કરવામાં આવશે.

- (RNU અમદાવાદ)

---

## વિધાનસભા-કોંગ્રેસ સભ્યો સસ્પેન્ડ:

ચોમાસુ સત્રના બીજા દિવસે ગઈકાલે કોંગ્રેસના તમામ સભ્યોને વિધાનસભા ગૃહમાંથી એક દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

વિપક્ષ દ્વારા રજૂ કરાતા પ્રશ્નોને ગૃહમાં તક અપાતી નથી તેવા આક્ષેપ સાથે કોંગ્રેસના ધારાસભ્યોએ સભાત્યાગ કર્યો હતો. સંસદીય મંત્રી ઋષિકેશ પટેલે વિપક્ષના તમામ સભ્યોને સસ્પેન્ડ કરવા મૂકેલી દરખાસ્ત ને મોટી સંખ્યામાં ટેકો મળતા અધ્યક્ષે કોંગ્રેસના તમામ ધારાસભ્યોને એક દિવસ માટે સસ્પેન્ડ કર્યા હતા.

- (RNU અમદાવાદ)

---

## વિધાનસભા-ગૃહરાજ્ય મંત્રી:

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે, છેલ્લા બે માસ દરમિયાન 565 વ્યાજખોરો વિરૂધ્ધ કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવી છે. વિધાનસભા ગૃહમાં રાજ્યમાં વ્યાજખોરોની વિરૂધ્ધ કરવામાં આવેલી કાનૂની કાર્યવાહી સંદર્ભે પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતા તેમણે આ મુજબ જણાવ્યું.

તેમણે વધુમાં જણાવ્યું કે, રાજ્યમાં વ્યાજના દૂષણને ડામવા સરકારે વર્ષ-૨૦૨૩માં રાજ્યના અનેક જીલ્લાઓમાં લોન મેળાઓનું આયોજન કરી ૨૧ હજારથી વધુ લોકોને ૨૬૨ કરોડની લોન આપી છે.

રાજ્યમાં ઝુંબેશ દરમિયાન યોજાયેલા લોક દરબાર અંગે પુછાયેલા પુરક પ્રશ્નનો જવાબ આપતા મંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્યના લોકો અને પોલીસ તંત્ર વચ્ચેનું અંતર ઘટે અને મુક્ત મને પોતાની ફરિયાદ પોલીસ અધિકારીઓ અને તંત્ર સામે રજૂ કરે શકે તે માટે લોકદરબારનું આયોજન કરવામાં આવે છે. તેમણે ઉમેર્યું કે, ગત માસ સુધીમાં રાજ્યમાં કુલ ૧ હજાર ૬૪૮ લોકદરબારો યોજવામાં આવ્યા હતા.

- (RNU અમદાવાદ)

---

## ઉપ્રસ્ત્રપ્તી-ગુજરાત મુલાકાત:

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે અમદાવાદ અને ગાંધીનગરની મુલાકાતે આવશે. તેઓ ગાંધીનગરમાં નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોને સંબોધશે. ઉપરાષ્ટ્રપતિ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે ધર્મ ધમ્મ આંતરરાષ્ટ્રીય પરિષદ ખાતે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

- (RNU અમદાવાદ)

---

## મુખ્યમંત્રી-પોલેન્ડ:

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર જણાવ્યું હતું કે , ભારત અને પોલેન્ડના સંબંધોમાં ગુજરાતની ભૂમિકા ઈતિહાસના પાનામાં સુવર્ણ અક્ષરોમાં સચવાયેલી છે.

ઉલ્લેખનીય છે કે , હાલમાં પોલેન્ડની મુલાકાતે ગયેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે વોર્સોમાં સ્ક્વેર ઓફ ગુડ મહારાજા ખાતે નવા નગરના જામસાહેબ દિગ્વિજયસિંહ જાડેજાના સન્માનમાં બનાવેલા સ્મારક પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. બીજા વિશ્વયુદ્ધ

દરમિયાન જામનગરના જામસાહેબ દિગ્વિજયસિંહ જાડેજાએ પોલેન્ડના 600 જેટલા બાળકોને ગુજરાતમાં આશ્રયનું સ્થાન આપ્યું હતું.

- (RNU અમદાવાદ)

---

## પોલીસ વિભાગમાં બદલી:

રાજ્યમાં બદલીના દોર વચ્ચે જીલ્લાનાના 11 પોલીસ ઇન્સ્પેક્ટરને જિલ્લાની બહાર મૂકવામાં આવ્યા જ્યારે તેની સામે 13 નવા પોલીસ ઇન્સ્પેક્ટર કચ્છમાં બદલી પામીને આવ્યા.

જે અંતર્ગત પશ્ચિમ કચ્છમાં બે પોલીસ ઇન્સ્પેક્ટરની બદલી કરાઇ તો તેની સામે આઠ પોલીસ ઇન્સ્પેક્ટર નવા આવ્યા. જ્યારે, પૂર્વ કચ્છમાં નવા પાંચ પોલીસ ઇન્સ્પેક્ટરની નિમણૂક કરાઈ અને નવ પોલીસ ઇન્સ્પેક્ટરની જિલ્લા બહાર બદલી કરવામાં આવી.

- (અશરફ નથવાણી, NP)

---

## જવાહર નવોદય વિદ્યાલય-પ્રવેશ પ્રક્રિયા:

જવાહર નવોદય વિદ્યાલય ડુમરામાં ધોરણ 6 માં પ્રવેશ મેળવવા માટેની પરીક્ષા JNVST 2025 ના પ્રવેશપત્ર ભરવાની પ્રક્રિયા શરૂ થઇ ગયેલ છે.ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૨૦૨૪ છે.

પ્રવેશપત્ર navodaya.gov.in વેબસાઈટ પરથી લોગીન કરી ભરી શકાશે.. જેમનું બાળક ધોરણ ૫ માં હાલ ભણતું હોય તે બાળક આ પરીક્ષા આપી શકે છે..

અત્રે જણાવીએ કે, પરીક્ષામાં જે વિદ્યાર્થી પાસ થાય છે તેનો ભણવાનો ખર્ચ કેન્દ્ર સરકાર તરફથી મળે છે.

- (અશરફ નથવાણી)

---